# પિતા,પુત્ર અને પવિત્ર આત્મા એક ઈશ્વર છે.

જે ઓ બાળકોને શીખવે છે તેઓ નો અભ્યાસ કરે




**પ્રાર્થના :** વહાલા પ્રભુ, ઈસુ એ અને તેના શિષ્યો એ જે શીખવ્યુ તેની કિંમત આંકવામાં અમને મદદ કરો કે આકાશમાના બાપ તે ઈશ્વર છે જે ઈશ્વર ઈસુના રૂપમાં અને પવિત્ર આત્મા ઈશ્વરનો આત્મા છે.

**નોંધ :** આપણા પિતા છે.(આપણા ઉત્પન્ન કર્તા ) (ઈસુ ,આપણા ઉધ્ધારક),અને આત્મા (આપણો સહાયક) તે ત્રિએક ઈશ્વર છે. આપણા દૈવી મદદગાર ઉત્પતિ અને મુકિત માટે તેમણે સાથે કામ કર્યુ જે યોહાને ઈસુના બાપ્તિસ્માં વખતે જણાવુ તેમ.

**૧. ત્રિએક ઈશ્વર વિષે શીખવવા પ્રાર્થના અને ઈશ્વરના વચનો સહિત તૈયાર થાઓ.**

**પ્રે.કૃ ૯:૧- ૧૯** માંથી ઈસુ એ તે ઈશ્વર છે તેવુ કહેવા માટે પાઉલ જે ખ્રિસ્તીઓને ધિક્કારતો હતો અને પવિત્ર આત્મા વિષેની નવી સમજ પાઉલે કેવી રીતે મેળવી (ક.૧૭ માં તે શોધો)

**યોહાન જે ૧૪: ૨૩-૨૬ માંથી શોધો** કે ઈસુએ બાપ વિષે પવિત્ર આત્મા વિષે અને પોતાને માટે શું કહ્યું

**યોહાન ૫: ૧૯-૩૦** માંથી શોધો જયારે આપણે દીકરાને માન આપીએ છીએ ત્યારે આપણે કોને માન આપી છીએ અને શા માટે ?

શોધો,બાપ ,પુત્ર અને પવિત્ર આત્મા ત્રણે સાથે આપણામાં શું કરે છે અને આપણને સામર્થ્ય આપે છે તે **રૂમી** ૧: ૧-૪; ૫: ૧-૫; ૭:૪-૬; ૮:૧-૪; ૮:૬-૧૧,૮:૧૬-૧૭; ૮: ૨૬-૩૯; ૧૪: ૧૪-૧૮ અને ૧૫: ૩૦-૩૩.

**નોંધ :** નવો કરાર ત્રિએક ઈશ્વરની ઘણી રીતે વર્ણવે છે.

બાપ અને પુત્ર અને આત્માં ઉત્પન્ન કર્તા, તારણહાર અને પવિત્ર કરનાર

ઈશ્વર અને પ્રભુ અને પવિત્ર આત્મા રાજા અને મસિહા અને શિક્ષક

આ અગત્યના સત્યો યાદ રાખો :

- ત્રિએકતા શાશ્વત ઈશ્વર છે અને તે દુન્યવી સમય અને જગ્યાથી પર છે.
- ઈશ્વર ઈસુના રૂપમાં માણસ બન્યા (ઈસુનો જન્મ) અને એક જગ્યા (બેથેલેહેમ) માં આવ્યા.
- ઘણી મંડળીઓ એવું શીખવાડે છે કે ઈસુનો સ્વર્ગિય સ્વભાવ અને માણસોને સ્વભાવ એક થઈ ગયા છે, જયારે ઘણાંનું શિક્ષણ છે કે બંને સ્વભાવ. જુદા જ છે પરંતુ ઈસુ બન્ને મનુષ્ય અને ઈશ્વર છે, તે જાણવું અને માનવું અગત્યનું છે.

**પોતાની પરીક્ષા કરો** ઈસુ અને નવા કરાર પ્રમાણે આમાના કયા વિચારો સાચા છે.

- ફકત ઈશ્વર જ કરી શકે તેવા કામો ઈસુ કરે છે.
- ઈસુ બાપની સાથે વાત કરે છે અને બાપે ઈસુ સાથે ઈસુ સાથે વાત કરી

- ઈસુ આપણામાં પવિત્ર આત્મા મોકલે છે અને ઈસુ આત્મા સ્વરૂપે આવે છે.
- જયારે આપણે ઈસુને માન આપીએ છીએ ત્યારે આપણે ઈશ્વરને સન્માનીએ છીએ.
- આપણે બાપ અને પુત્ર અને પવિત્ર આત્માને પ્રાર્થી શકીએ છીએ (જવાબ : આ બધા વિચારો સત્ય છે)

**એથના સીયસ અને એરીયસ.**

ઈસુ કોણ હતા તે વિષે સદીના ઈશ્વર વિષે જ્ઞાનીઓએ દલીલો કરી એરીયસે ત્રિએકતાને નકારી અને ઈશ્વરની એકતા પર ભાર મૂકયો બાપ્તિસ્મા વખતે ઈશ્વરના વચનો ઈસુ પર ઊતરી આવ્યા તેને તારનાર બનાવી દીધો ઈસુ પર ઉતરી આવી ઈશ્વરનો પુત્ર કહ્યો તેનું શિક્ષણ રૂમી સામ્રાજયામાં બધે પ્રસરી ગયું.

ઈશ્વર પુત્ર જીવતં વચનો કે જે ઈસુ જન્મયા અને બાપ્તિસ્મા પામ્યા તે પહેલાનાં છે તેવું **એથનાસિયસે** શીખવાડયું અને એક ઈશ્વર બાપ અને પુત્ર બે છે ત્યાર પછી તેણે જોયું કે પવિત્ર આત્માં પણ ઈશ્વર છે અને શીખવાડયું એક શાશ્વત ઈશ્વર બાપ,પુત્ર અને આત્મા એમ ત્રણ છે.

**ઈ.સ ૩૨૫** મંડળીના આગેવાનો નિસીયામાં મળ્યા તેમાના ધણાએ એરિયસના વિચારો કરતા એથાનાસિયસનુ શિક્ષણ પવિત્ર શાસ્ત્ર પ્રમાણે છે. એવું માન્યું તેથી તેઓ એથાનિયસના ત્રિએક ઈશ્વરને સત્ય માને છે (સ્વીકારે છે) આનો નકાર કરનારા એરિયન્સ કહેવાયા.

કેટલાક ધર્મો ઈસુને ઈશ્વર તરીકે માન આપવા ના પાડે છે. યહોવાના સાક્ષીઓ ઈસુ ઈશ્વર હતા અને તેઓ મુએલામાંથી તેમના શરીર સાથે જીવતા થયા તેવું માનવાનો ઈન્કાર કરે છે. ઈસુ મરણ પામ્યા બાદ ઈશ્વર થયા તેવું મોર મોન્સ માને છે તેથી મોર મોન્સ ઈશ્વર બનશે. ઈસુ કદીયે ઈશ્વર હતા જ નહી અને તેઓ મરીને સજીવન થયા નથી તેવુ ઈસ્લામ શીખવાડે છે. પવિત્ર શાસ્ત્ર પ્રજાને પ્રભુત્વ આપે છે અને બાપને જેમ આપણે માન આપીએ છીએ તેનુ માન આમાંના કોઈપણ આપતા નથી (યોહાન ૫:૧૯-૩૦)

**૨. આગામી અઠવાડિયામાં કરવાની પ્રવૃતિઓ માટે તમારા સાથી કાર્યકરો સાથે આયોજન કરો.**

તમારા જુથમાના અનુયાયીઓને ત્રિએક ઈશ્વરવાદ સમજવામાં મુશ્કેલી હોય અથવા ખોટા શિક્ષકો મૂંઝવણમાં મુશ્કેલી હોય તો તેમની મુલાકાત કરો અને સત્ય સ્પષ્ટ કરો.

ઈસુ સદાકાળ ઈશ્વર પુત્ર છે માણસ બન્યા અને સદાકાળ ઈશ્વર અને મનુષ્ય રહેશે.

- ત્રિએક ઈશ્વર ત્રણ ઈશ્વર નથી પિતા, પુત્ર અને આત્મા ત્રણેય એક મનુષ્ય રહેશે.
- ત્રણ વ્યકિતઓ હોવા છતા તે ઈશ્વર એક છે આ એક ઊંડો મર્મ (કોયડો) છે જે કોઈ માણસ સમજાવી શકે નહી તેઓ જુદા વ્યકિતઓ છે તેમ નહી પણ તેઓ સંકળાયેલા છે.
- ઈસુ સદાકાળ ઈશ્વર છે અને તે માણસ બન્યા તે ઈશ્વર અને મનુષ્ય બંને છે ઈસુ આત્મા હતાં તેમ કહેવું ખોટું છે.
- બાપ અને પુત્ર સદાકાળ પ્રગટ કરે છે અને સહકારથી કામ કરે છે પુત્રના મનુષ્ય બન્યા બાદ તો પુત્ર અને પિતાએ આ કાર્ય ચાલુ રાખ્યું. આથી જો ઈસુ ઈશ્વર હોત તો તેમણે બાપને પ્રાર્થના કરી ના હોય તેમ કહેવું સાચું નથી.
- ત્રિએક શબ્દ પવિત્ર શાસ્ત્રમાં કયાંય નથી. પવિત્ર શાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે બાપ પુત્ર અને અત્માની એકતા આપણે તેને વણવા ઉપયોગ કરીએ છીએ રોમન કેથોલિકોએ ત્રિએક નવું શોધી કાઢયું છે તેમ કહેવું ખોટું છે.

બીજી ટોળીઓના પાળક આગેવાનોને મળી આ સભ્યો સમજવામાં તેમને મદદ કરો.

**૩. આગામી ભકિત સભા માટે તમારા સહકાર્યકરો સાથી આયોજન કરો.**

વર્તમાન જરૂરિયાત મુજબ પ્રવૃતિઓ કરો.

- **પ્રે.કૃ ૧-૧૯** માં પાઉલ કેવી રીતે સમજયો કે ઈસુ પ્રભુ છે અન તેણે પવિત્ર આત્માની નવી સમજ કેવી રીતે મેળવી તે જુઓ (કલમ ૧૭)

- **રૂમી ૧ઃ ૧-૪** વાંચી ત્રિએકતા આપણા તારણમાં આપણી પવિત્રાઈમાં ઈસુની સાક્ષીમાં અને ઈશ્વર માટે આપણે જે કંઈ કરીએ છે તેમાં કેવી રીતે સંકળાયેલ છે.તે સ્પષ્ટ કરો.
- ભાગ ૧ માંથી શું શિખ્યા તે સ્પષ્ટ કરો અને સવાલો પૂછો.
- જે **બાળકો**એ તૈયાર કર્યુ તે સભાસદો (પુપ્તો) સમક્ષ રજુ કરે .
- એથેનિસિયસ અને એરીયસની વાર્તા કહો.
- પ્રથમ વાર અનુયાયીઓએ ઈસુ ઈશ્વર છે તેમ ઓળખ્યો તેમને **સાક્ષી આપવા દો.**
- **પ્રભુ ભોજન** પાળવા માત્થી ૩ઃ ૧૩-૧૭ વાંચો ઈસુના બાપ્તિષ્માં વખતે જેમ કર્યુ તેમ ઈશ્વર બાપ ઈશ્વર પુત્ર બાપ્તિસ્મા વખતે જેમ કર્યુ તેમ ઈશ્વરે પુત્ર અને ઈશ્વર પવિત્ર આત્મો પ્રભુભોજનમાં પણ એક સાથે કાર્ય કરે છે તે સ્પષ્ટ કરો જયારે આપણે શરીર અને રકત આત્માં આપણને ભાગીદાર બનાવે છે (૧ કોરથી ૧૦ઃ ૧૬૦-૧૭)
- પ્રાર્થના કરવા પ્રવૃતિઓની યોજના મંજુર કરવા અને એક બીજાને હિંમત આપવા બે કે ત્રણ લોકો ના જુથ પાડો બધા સાથે
- માત્થી ૩ઃ ૧૬-૧૭ **મુખપાઠ કરો.**

Copyright 2004© by Paul-Timothy. May be freely copied.
Download from www. Paul-Timonthy.net.